# આર એન પટેલ પ્રાઈમરી સ્કૂલ દ્વારા પિકનીકનું આયોજન કરવામાં આવ્યું



સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી આર એન પટેલ પ્રાથમિકશાળાના ધોરણ-પથી ૭નાં ૧૨૦ બાળકો માટે બોરસદ ખાતે સ્થિત કેમ્પ ડેઈલી ક્લબ રિસોર્ટની મુલાકાતનું આયોજન કરવામાં આવ્યું હતું. વર્ગની ચાર દિવાલની બહાર કુદરતના સાંનિધ્યમાં આનંદ-કલ્લોલ સાથે બાળકોએ સ્વિમિંગ પુલ અને વિવિધ રાઈડ્સનો આનંદ માણ્યો હતો. બાળકોમાં સમૂહ ભાવના કેળવાય તે આશયથી તેમના માટે સમૂહભોજનનું આયોજન પણ કરવામાં આવ્યું હતું.

## કથન ઝવેરી રીલે દોડમાં ઝળક્યા



ગાંધીનગર, તા. ૧૭

તાજેતરમાં યોજાયેલી ગાંધીનગર ઈન્ટરસ્કૂલ સ્પોર્ટ્સ મીટ અંતર્ગત સૅન્ટ ઝેવિયર્સ સ્કૂલના વિદ્યાર્થી કથન ઝવેરીએ ૧૦૦ મીટર, ૪૦૦ મીટર, ૧૫૦૦ મીટર દોડ અને ૪ બાય ૧૦૦ મીટર રીલે દોડમાં ભાગ લીધો હતો. રીલે દોડમાં સિલ્વર મૅડલ પ્રાપ્ત કરી તેણે શાળાનું ગૌરવ વધાર્યું હતું.

# બીબીએ કૉલેજના વિદ્યાર્થીઓને ઈન્ટર્નશીપ પ્લેસમૅન્ટ પ્રાપ્ત થયું



ગાંધીનગર સ્થિત કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન બી પીકૉલેજ ઓફ બિઝનેસ ઍડમિનીસ્ટ્રેશન (બીબીએ)ના વિદ્યાર્થીઓને મોટોટીવ રિક્રૂટર્સ કંપનીમાં એક માસનું ઈન્ટર્નશીપ પ્લેસમેન્ટ મળ્યું છે, જે દરમિયાન તેઓ પ્રૅક્ટિકલ જ્ઞાન સાથે ૪ હજાર જેટલું સ્ટાઈપેન્ડ પણ મેળવશે.

## જન્મદિને વધામણી



**દીપકભાઈ ભટ્ટ**
કારોબારી સભ્ય
ગાંધીનગર કલ્ચરલ ફોરમ
મો. ૯૭૧૨૯ ૮૫૨૯૯



**ડો. વિષ્ણુભાઈ પટેલ**
ગાયનેકોલોજીસ્ટ
કારોબારી સભ્ય,
ગાંધીનગર કલ્ચરલ ફોરમ
મો. ૯૮૨૫૧૯૮૩૮૧



**અશ્વિનકુમાર ગોવિંદલાલ પારેખ**
હેર ડ્રેસર, ન્યુ એમ્પાયર હેર એન્ડ કેર
મો. ૯૮૨૪૫ ૩૧૮૧૮



**મીત ગજ્જર**
મેન્ટલ એરેથમેટિક એવોર્ડી
મો. ૯૮૨૪૫ ૩૧૮૧૮

# ઍડવાન્સ્ડ રિસર્ચ ઈન્સ્ટીટ્યુટ ખેલ મહાકુંભમાં ઝળકી





ગાંધીનગર, તા. ૧૭

તાજેતરમાં રાજ્યમાં યોજાયેલ ખેલ મહાકુંભ સ્પર્ધામાં ઈન્સ્ટિટ્યુટ ઓફ એડવાન્સ્ડ રીસર્ચ સંસ્થાના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જીલ્લા કક્ષાની ગર્લ્સ વોલીબોલ સ્પર્ધામાં સંસ્થાની ૭ વિદ્યાર્થીનીઓ દ્વારા દ્વિતીય ક્રમે વિજેતા બની હતી. આ વિજેતા ટીમમાં અદિતિ પટેલ, ચાંદની પટેલ, પ્રિયા ગોહિલ, માનસી પંજવાની, હાર્વી ઠક્કર, એશા તથા સંધ્યા સામેલ હતાં. સ્વિમિંગની સ્પર્ધામાં સંસ્થાના રાજેન્દ્રસિંગ આનંદ ઓલ ઈન્ડીયા ઈન્ટર યુનિવર્સીટી કક્ષાએ બે ગોલ્ડ મેડલ (૧૦૦મી અને ૨૦૦ મી) તથા બે બ્રોન્ઝ મેડલ (૫૦મી બેકસ્ટ્રોક અને ૪૦૦મી મેડલી રીલે) પ્રાપ્ત કરવા માટે હકદાર બન્યા હતા.



સમગ્ર દેશની વિવિધ અદાલતોમાં લાખો કેસ પૅન્ડિંગ છે ત્યારે જે કેસો માટે કોર્ટ બહાર સમાધાન શક્ય છે કે જે કેસો મધ્યસ્થીની સહાયથી સૉલ્વ થઈ શકે છે તેવા કેસો અંગે વિશદ જાણકારી વિદ્યાર્થીઓને આપવાના હેતુથી નવગુજરાત લૉ કૉલેજ ખાતે મીડિયેશન અવેરનેસ કાનૂની શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. ગાંધીનગર જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, ડિસ્ટ્રીક્ટ ઍન્ડ સૅશન્સ કૉર્ટ, ગાંધીનગરના ઉપક્રમે આ કાનૂની શિક્ષણ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. પૅરાલિગલ વૉલન્ટીયર સુધીરભાઈ દેસાઈ દ્વારા વિષયને અનુરૂપ વિશદ સમજ વિદ્યાર્થીઓને આપવામાં આવી હતી. પીઍલવી મધુસૂદન જોશીએ વૈકલ્પિક તકરાર નિવારણ અંગે વક્તવ્ય આપ્યું હતું. આ પ્રસંગે આચાર્ય ભરતભાઈ દેસાઈ, પ્રૉ. સ્વાગત દેસાઈ અને કનકભાઈ મકવાણા ઉપસ્થિત રહ્યા હતા.

# હીરામણિ સ્કૂલમાં પ્રેરણાત્મક સૅમિનાર



ગાંધીનગર, તા. ૧૭

જનસહાયક ટ્રસ્ટ સંચાલિત હીરામણિ સ્કૂલ, અમદાવાદ ખાતે વિદ્યાર્થીઓ માટે પ્રેરણાત્મક સૅમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું.

મોટિવેશનલ સ્પીકર સાજન શાહ દ્વારા ૧૫૫૦ વિદ્યાર્થીઓને ચારિત્ર્ય ઘડતર, યાદશક્તિ વધારવા તથા હકારાત્મકતા વધારવા અંગે વિશદ સમજ પૂરી પાડવામાં આવી હતી. આ પ્રસંગે તેમણે વિદ્યાર્થીઓને એક ઑર્ગૅનિક પૅન્સિલ ભેટ આપી હતી, જે પેપર મટીરિયલમાંથી તૈયાર કરવામાં આવી હતી. આ પૅન્સિલની ખૂબી એ છે કે તેના છેડે કૅપ્સુલમાં વિવિધ શાકભાજી તેમજ ફૂલનાં બીજ હોય છે. પૅન્સિલ પૂરી થઈ જાય પછી તેનો બચેલો ભાગ જમીનમાં રોપવાથી તેમાંથી છોડ ઉગે છે. વિદ્યાર્થીઓને આમ કરી ઘરે કિચન ગાર્ડન તૈયાર કરવા માટે અભિપ્રેરિત કરવામાં આવ્યા હતા.

આ પ્રસંગે સંસ્થાના પ્રમુખ નરહરિ અમીન, મૅનેજિંગ ટ્રસ્ટી વરૂણ અમીન, સીઈઓ ભગવત અમીન, શૈક્ષણિક સલાહકાર એ સી ગોપાણી અને આચાર્યો, શિક્ષકો ઉપસ્થિત રહ્યા હતા.

## સ્વર્ણિમ સ્ટાર્ટઅપ એન્ડ ઇનોવેશન યુનિવર્સિટી, ગાંધીનગરની સ્વર્ણિમ ઈન્સ્ટિટ્યૂટ ઑફ ટૅક્નોલોજી દ્વારા

# ‘રીસન્ટ ટ્રેન્ડ ઈન ઑટોમોબાઈલ ઈન્ડસ્ટ્રી’ સૅમિનાર





ગાંધીનગર, તા. ૧૭

સ્વર્ણિમ સ્ટાર્ટઅપ એન્ડ ઇનોવેશન યુનિવર્સિટી, ગાંધીનગરની સ્વર્ણિમ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજીની મિકેનિકલ તથા ઓટોમોબાઈલ બ્રાન્ચ દ્વારા એક દિવસીય સેમિનાર ‘રીસન્ટ ટ્રેન્ડ ઈન ઑટોમોબાઈલ ઈન્ડસ્ટ્રી’ યોજાયો. અત્યારે સમર્ગ વિશ્વમાં જયારે ગ્લોબલ વૉર્મિંગની સમસ્યા સળગતા પ્રશ્ન રૂપે છે ત્યારે ભારત સરકારે ગ્લોબલ વૉર્મિંગની અસર ને ઘટાડવા ના પ્રયત્નના ભાગ રૂપે ઑટોમોબાઈલ ઈન્ડસ્ટ્રીને ફરજીયાતપણે બીએસ૪થી સીધું બીએસ૬ નોર્મ્સ હેઠળ પ્રોડકશન કરવાનું જાહેર કર્યું છે ત્યારે ઑટોમોબાઈલ ઈન્ડસ્ટ્રીએ તેને આવકાર્યું છે અને ઝડપથી તેના નવા વેહીકલ્સના પ્રોડકશન બીએસ૬ના ધારા ધોરણ મુજબ નિર્માણ ચાલુ કરી દીધેલ છે. બીએસ૬ નોર્મ્સને કારણે જે નવા વાહનોનું ઉત્પાદન થશે તે પ્રદુષણને નિયંત્રિત કરવામાં અગત્યનો ફાળો ભજવશે. આ ઉપરાંત વાહનોની મેઈન્ટેનન્સ કિંમત પણ ઘણી ઓછી રહેશે. સ્વર્ણિમ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજીની મિકેનિકલ તથા ઓટોમોબાઈલ બ્રાન્ચે આ પહેલને ધ્યાનમાં રાખીને આજુબાજુના ગ્રામીણ વિસ્તારો જેવા કે ટિંટોડા,સઈજ, પૂંદરાસણ, શેરથા, ભોયણ રાઠોડ, અડાલજના રહેવાસીઓ તેમ જ શાળાનાં બાળકોને શિક્ષિત કર્યા હતા અને બીએસ૬ નોર્મ્સના વાહનોનો ઉપયોગ કરવા માટે પ્રોત્સાહિત કર્યા હતા. અધ્યાપકોએ લોકોને આ સેમિનાર વિષે માહિતગાર કર્યા હતા તથા તેના ફાયદા અંગે ચર્ચા કરી હતી. આ સેમિનાર માં વિદ્યાર્થીઓને વેહીકલ્સના બેઝિક મેઈન્ટેનન્સ વિષે ખૂબ જ ઉપયોગી માહિતી એકસપર્ટ્સ દ્વારા આપવામાં આવી હતી. આ સમગ્ર સેમિનાર નેકસા મારુતિ ઑટોમોબાઈલ, ગાંધીનગર શાખાના સહયોગથી સફળતા પૂર્વક પૂર્ણ કરાયો હતો.


# સ્વર્ણિમ સાયન્સ કૉલેજનું ગૌરવ

ગાંધીનગર, તા. ૧૬

ભારતભરમાંથી, ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ સાયન્સ એજ્યુકેશન એન્ડ રિસર્ચ ખાતે ઈન્ટર્નશીપ માટે પ્રખ્યાત એજ્યુકેશન સંસ્થાઓના વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો જેમાંથી વિવિધ ચકાસણી ના અંતે માત્ર ૦૪ ઉમેદવારોની પસંદગી કરવામાં આવી હતી.

જેમાંથી આપણા ગુજરાત રાજ્યની એક માત્ર વિદ્યાર્થીની ચાર્મી ભટ્ટ જે સ્વર્ણિમ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન યુનિવર્સિટી, ગાંધીનગર હસ્તકની સ્વર્ણિમ સાયન્સ કોલેજની બી.એસ.સી. ફિઝિક્સમાં અભ્યાસ કરે છે, તે પસંદગી પામી હતી.

ઉમેદવારો ની પસંદગી મુખ્યત્વે તેઓના રિસર્ચ કાર્યક્ષમતા પર આધારિત હતી.




આ તબક્કા દરમ્યાન ચાર્મી ભટ્ટે વિવિધ કાર્યક્રમો અને વર્કશોપમાં પણ ભાગ લીધો હતો. જેમ કે, ડો. પૂજા સંચેતી દ્વારા આયોજીત ‘એકેડેમીઆ વર્કશોપમાં પ્રેઝન્ટેશન સ્કિલ્સ’ જે એનસીએસટીસી, ડીસીટી અને આઈઆઈએસઈઆર પૂણે દ્વારા સંયુક્ત રીતે ભંડોળ પૂરું પાડવામાં આવતા, ‘અસરકારક સાયન્સ કૉમ્યૂનિકેશનને સક્ષમ કરવાના ‘પ્રશિક્ષણ કાર્યક્રમો’નો ભાગ હતો.

ચાર્મી ભટ્ટે પ્રખ્યાત ભૌતિકશાસ્ત્રી ડો. સતિષ ઓગલેનો ઈન્ટરવ્યૂ લીધો હતો. ઉપરાંત તેણે ઘણા પીએચડી વિદ્યાર્થીઓ જોડે મળી ને રિસર્ચ પર અને તેમની સંશોધન યોજનાઓને લગતી વાતચીત કરી હતી.

ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ સાયન્સ એજ્યુકેશન એન્ડ રિસર્ચ, પુણે દ્વારા આયોજિત ઈન્ટર્નશિપ કરવા માટે તેણે માસિક રૂપિયા ૨૫,૦૦૦નું સ્ટાઈપેન્ડ આપવામાં આવ્યું હતું. તેને આ ઈવેન્ટ માં ભાગ લેવા પ્રોત્સહન અને જરૂરી માર્ગદર્શન સ્વર્ણિમ સાયન્સ કોલેજના પ્રિન્સિપાલ ડો. હેમંત ચોબેએ આપ્યું હતું.




આઝાદીની લડત વખતે ૧૧ - ૨૦ માર્ચ ૧૯૨૨ દરમિયાન મહાત્મા ગાંધીને અમદાવાદ સ્થિત ઐતિહાસિક સાબરમતી જેલ (અમદાવાદ મધ્યસ્થ જેલ)નાં ગાંધી યાર્ડમાં રખાયા હતા. મહાત્મા ગાંધીની ૧૫૦મી જન્મજયંતી નિમિત્તે અહિ ‘ગાંધી તક્તી’ની સ્થાપના કરાઈ છે. ૩ટ૩ ફૂટની કાળા ગ્રેનાઈટની કલાત્મક તક્તીમાં ગાંધીજીનાં રેખાચિત્ર, હસ્તાક્ષર અને ઈતિહાસનું આલેખન કરાયું છે. ગુજરાત રાજ્યના જેલ અને સુધારાત્મક વહીવટના અધિક પોલીસ મહાનિર્દેશક ડો. કે. એલ. એન. રાવ (આઈપીએસ), નાયબ પોલીસ મહાનિરીક્ષક ડો. એસ. કે. ગઢવી (આઈપીએસ), અમદાવાદ મધ્યસ્થ જેલના અધિક્ષક ડો. એમ. કે. નાયક (આઈપીએસ), રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીના પૌત્ર અને ઝવેરચંદ મેઘાણી સ્મૃતિ સંસ્થાનના સ્થાપક પિનાકી નાનકભાઈ મેઘાણી, ભાલ નળકાંઠા ખાદી ગ્રામોદ્યોગ મંડળ (રાણપુર)ના ચેરમેન ગોવિંદસંગ ડાભી, સિનિયર જેલર ડી. ડી. પ્રજાપતિની વિશેષ ઉપસ્થિતિ તથા જેલના બંદીવાન ભાઈઓની મોટી સંખ્યામાં હાજરી રહી હતી.